# મહીદાસ ઐતરેય

એક છોકરો. પણ એનું નામ જ નહિ. સૌ એને 'એ ઈતરાના' એટલું જ કહીને બોલાવે. ઇતરા એની માતાનું નામ. માતાનું નામ 'ઇતરા' કેમ એનીય એને ગતાગમ નહિ. ('ઇતરા' એટલે 'ઇતર' અર્થાત્ 'પરાયું'.)

એના બાપ મોટા ઋષિ. ચોમેરથી એમને યજ્ઞો કરાવવાનાં આમંત્રણ મળે. એ યજ્ઞમાં જાય ત્યારે એના ત્રણ–ચાર પુત્રોને જોડે લઈ જાય જ – પણ એમાં આ 'ઈતરાના'નો સમાવેશ ન કરે. એણે માને એક વાર પૂછેલુંય ખરું, 'બા ! તારુંય શું કોઈ નામ જ નહિ ? તનેય લોક કેવળ ઇતરા જ કહીને આઘી કાઢે ? પશુપંખનીયે નામ હોય છે : ગાયને નંદિની ને હરણને વિદ્યુતરેખા જેવાં સુંદર નામ હોય છે, અને કેવળ તને ને મને જ કોઈ નામ નહિ ? આ કેવો ઘોર અન્યાય !'

અને એનો પરચો એને મળી ગયો. પિતાજી એક મોટા યજ્ઞમાં જવાની તૈયારી કરી રહ્યા હતા. તેઓ તે માટે જેમને સાથે લઈ જવાના હતા એ ચારે પુત્રોને કહી રહ્યા હતા, 'તમારે ચારેયે મારી સાથે આવવાનું છે. તમારે માટે આ સમિધના ઢગલા તૈયાર છે. એ સાથે લઈ લેવાના. પણ યાદ રાખજો કે ઇતરાનો દીકરો આ જાણી ન જાય. એને સાથે નથી લેવાનો – એને સાથે લઈ પણ ન જવાય.'

બાજુમાંથી પસાર થતા ઇતરાના દીકરાના કાને આ શબ્દો પડયા ને એ ચોંકી ગયો. અન્ય ભાઈઓ જાય અને એક પોતાને વાસ્તે જ મનાઈ ! મા પાસે જઈ એનો ખુલાસો કરવાની એની હિંમત ન ચાલી. આવા દરેક પ્રસંગે મા શૂનમૂન થઈ જતી ને આકાશ સામે તાકી રહેતી. એણે નક્કી કર્યું, 'આ વખતે તો હું સાથે જવાનો જ !'

અને વહેલી સવારે સમિધનો ભારો લઈ એ પણ જ્યારે તૈયાર થઈ નીકળ્યો ત્યારે પિતાએ જ એને અટકાવ્યો, ‘તું ઇતરાનો દીકરો છે, તને આવવાનો અધિકાર નથી.’

ખુદ પિતાએ ઊઠીને મનાઈ ફરમાવી. એના હૃદયની વેદનાનો કોઈ પાર ન રહ્યો. ગળે ડૂમો બાઝ્યો. અંદરનાં આંસુ આંખને કિનારે આવીને ઠરી ગયાં. એને આવી અવસ્થામાં મૂકીને જ પિતા અને અન્ય ભાઈઓ ચાલી નીકળ્યા. એ જોતો જ રહ્યો. તેઓ દૂર અદૃશ્ય  થઈ ગયા ત્યારે વેદનાથી ભારેલા હૃદયે એ માતા પાસે પહોંચી ગયો.

મા પાસે જઈ એના ખોળામાં માથું મૂકી એ ધ્રૂસકે ધ્રૂસકે રડી પડયો, ‘મા ! પિતાજીએ ઊઠીને મને મના ફરમાવી ! મા ! શું આપણાથી યજ્ઞમાં ન જવાય ? શાથી ?

માની આંખ પણ આંસુથી ઊભરાઈ. એની વેદનાની પાળ પણ તૂટી રહી. ધરતી ઉપરથી થોડી ધૂળ લઈને એણે હવામાં ઉડાડી.

બાળક બોલતો હતો, ‘મા ! આવું કેવું ? આશ્રમ આખો યજ્ઞમાં જાય ને તું ને હું એ બે જ ન જઈ શકીએ ? મા ! આપણી કુળદેવતા કોણ ? મા ! મા ! આપણે એ જાણીએ તો એના ઉપરથી નામ બદલી કાઢીએ; અને તો આપણને પણ યજ્ઞમાં જવાનો અધિકાર મળે.’

મા બોલી, ‘બેટા ! હમણાં તેં મને ધૂળ ઉડાડતી જોઈ એ ધૂળ – એ ધરતી – જ આપણી કુળદેવતા. એ જ એક વિશાળ હૈયાની તે આપણને સંઘરે છે, આપણને પાળેપોષે છે.’

‘તો મા ! આપણે એ ધરતીને પ્રાર્થના કેમ ન કરીએ ? એ આપણને જરૂર યજ્ઞમાં જવાનો અધિકાર આપશે.’

પુત્રનું મન મનાવવા બીજે જ દિવસે ઇતરાએ ત્યાં જંગલમાં જ યજ્ઞની તૈયારી કરી. ઇતરાનો દીકરો પણ એ તૈયારીમાં જોડાયો.

ઇતરા શુદ્ધ માટી લઈ આવી. દીકરો સમિધ લઈ આવ્યો. બન્નેએ મળીને યજ્ઞની વેદી બનાવી.

પછી યજ્ઞની એ વેદી સમીપ એકચિત્ત બની બન્નેએ મા–ધરતીને આહ્વાન આપતાં પ્રાર્થના કરી, 'હે મા પૃથ્વી ! હે મા મહી ! અમારા ઉપર પ્રસન્ન થાઓ.' (મહી અને પૃથ્વી સરખા અર્થનાં.)



દીકરો આંખ મીંચી ઊભો રહ્યો ને ઈતરા ગદ્‌ગદ્‌ કંઠે બોલી, 'હે મા મહી ! તું મારા આ દીકરાને કંઈ નામ આપ ! તારા વિના મારું કોણ છે જે એને ને મને આ દારુણ દુ:ખમાંથી ઉગારે ને સ્વમાનથી જિવાડે ?'

મહીએ–ધરતીએ જાણે એની પ્રાર્થના સાંભળી ને પવનમાંથી પડઘાતી અશરીરી વાણીનો ઉચ્ચાર થયો, 'હે ઇતરા ! તારો આ પુત્ર મહીદાસ નામે પ્રસિદ્ધ બનો ! એ મારો અર્થાત્‌ મહીનો પુત્ર કહેવાઓ ! એનું આજથી નવું નામ મહીદાસ ઐતરેય. એમાં તારા ને મારા બંનેના નામની સાર્થકતા થશે. મારા આશીર્વાદ છે કે એ મહાજ્ઞાની બની લોકોને ભણાવશે. લોકો એની પાસે જ્ઞાનની ભિક્ષા અર્થે ઊમટી પડશે.'

મા ને દીકરો મસ્તક નમાવી મા–ધરતીના એ આશીર્વાદ ઝીલી રહ્યાં.

પેલી દિવ્ય વાણી હજુ ચાલુ રહી, 'અને ઇતરા ! તારો પુત્ર મહીદાસ ઐતરેય લોકોને એક પરમ સત્યનું દાન કરશે : પ્રજ્ઞાનં બ્રહ્મ અર્થાત્‌ બ્રહ્મ જ્ઞાનમય છે. પ્રાણીમાત્ર એમનામાં રહેલ પ્રાણબળ અને જ્ઞાનબળ એ બે બળથી જીવે છે અને એમાંય એ બીજા એટલે કે જ્ઞાનબળથી જીવે છે ત્યારે જ મુક્ત બને છે. તેથી જેમને મુક્ત બનવું હશે તેઓ તારા પુત્રનાં ચરણ ચાંપતાં આવશે.'

મા અને દીકરાના આનંદની અવધિ ન રહી.

ઈતરાનો પુત્ર હવે એકલી ઇતરાનો મટી મહીનો–પૃથ્વીનો, ધરતીનો લોકસમસ્તનો બની રહ્યો.

મહીદાસ ઐતરેય મા–ધરતીના આશિષથી પરમ જ્ઞાની બની રહ્યો. લોકસમસ્ત હવે જ્ઞાન અર્થે એને વીંટળાઈ વળ્યું. ઇતરાનું હૈયું ફરી એક વાર છાના આનંદથી ફાટું ફાટું થઈ રહ્યું.

મહીદાસને પૂરું ન સમજાયું : આ કૃપા મા–ઇતરાની માનવી કે મા મહીની સ્વીકારવી ?

■